INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

<u>અખબારી યાદી</u> <u>તા. ૨૬-૭-૨૦૨૪</u>

- **કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોને તાલીમ બધ્ધ કરવા માટે યોજાનાર કોંગ્રેસ સંકલ્પ શિબિરનું કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનીકજી ઉદઘાટન કરશે.**
- **દાહોદ અને મહિસાગર જિલ્લામાં યોજાનાર કોંગ્રેસ સંકલ્પ શિબિરમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા, ભારત નિર્માણની કહાની અને સેક્ટર-મંડલ તથા બુથ મેનેજમેન્ટ સહિતના વિષયો પર નિષ્ણાંતો આપશે તાલીમ.**
- **દાહોદ જિલ્લાની 27 જુલાઈ અને મહિસાગર જિલ્લાની 28 જુલાઈ-2024 ના રોજ યોજાનાર કોંગ્રેસ સંકલ્પ શિબિરને શુભકામના પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ**

દાહોદ, મહિસાગર જિલ્લા કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનો અને ખાસ કરીને સેક્ટર-મંડલ-બુથ મેનેજમેન્ટની અસરકારક જવાબદારી માટે પસંદ થયેલા કોંગ્રેસ પક્ષના કાર્યકરો-પદાધિકારીઓને સંપૂર્ણ તાલીમ બધ્ધ કરવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કક્ષાએ 'કોંગ્રેસ સંકલ્પ શિબિર' નું આયોજન કરવામાં આવેલ છે જેના ભાગરૂપે તા. 27/7/2024 ને શનિવાર બપોરે 12-00 કલાકે અને તા. 28/7/2024ને રવિવાર બપોરે 12-00 કલાકે મહિસાગર તેજા હોટલ, ગોધરા હાઈવે રોડ, લુણાવાડા ખાતે યોજાનાર કોંગ્રેસ સંકલ્પ શિબિરનું અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનીકજી ઉદઘાટન કરીને માર્ગદર્શન આપશે. જેમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રી અને મધ્ય ગુજરાત વિભાગીય પ્રભારીશ્રી ઉષા નાયડુજી સહિત વરિષ્ઠ નેતાશ્રીઓ ઉપસ્થિત રહી ઉદબોધન કરશે. દાહોદ અને મહિસાગર જિલ્લામાં યોજાનાર કોંગ્રેસ સંકલ્પ શિબિરમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા, ભારત નિર્માણની કહાની અને સેક્ટર-મંડલ તથા બુથ મેનેજમેન્ટ સહિતના વિષયો પર નિષ્ણાંતો તાલીમ આપશે.

દાહોદ અને મહિસાગર ખાતે યોજાનાર તાલીમ શિબિરમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખશ્રી તેમજ ધારાસભ્યશ્રી, જિલ્લા પૂર્વ પ્રમુખશ્રીઓ, દરેક તાલુકાના પ્રમુખશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રી, પૂર્વ સાંસદશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા અને તાલુકાના વિરોધ પક્ષના નેતાશ્રીઓ, પૂર્વ વિરોધ પક્ષના નેતાશ્રીઓ, જિલ્લા અને તાલુકાના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ, જિલ્લા અને તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ કારોબારી હોદ્દેદારશ્રીઓ, જિલ્લા અને તાલુકાના તમામ ફ્રન્ટલ સેલ, કિસાન સેલ, બક્ષી સેલ, માઈનોરીટી સેલ, એસસી સેલ, એસટી સેલ, જિલ્લા અને તાલુકા સેવાદલ, મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એન એસ યુ આઈ કોંગ્રેસ, તમામ પ્રમુખશ્રીઓ, તેમજ તમામ કારોબારી હોદ્દેદારશ્રીઓ, સ્થાનિક નગરપાલિકા પૂર્વ પ્રમુખશ્રીઓ, તેમજ કોર્પોરેટરશ્રીઓ, વરિષ્ઠ આગેવાનો, કાર્યકર મિત્રો, કોંગ્રેસ સંકલ્પ શિબિરમાં ઉપસ્થિત રહેશે.

| **કોંગ્રેસ સંકલ્પ શિબિર, દાહોદ** |
|---|
| તારીખઃ 27/07/2024, શનિવાર<br>સ્થળઃ પ્રસંગ પાર્ટી પ્લોટ-2, ઈંદોર હાઈવે રોડ, દાહોદ. |

| **કોંગ્રેસ સંકલ્પ શિબિર, મહિસાગર** |
|---|
| તારીખઃ 28/07/2024, રવિવાર<br>સ્થળઃ તેજા હોટલ, ગોધરા હાઈવે રોડ, લુણાવાડા, જી. મહિસાગર. |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા